# K.M.G. General Hospital Trust

Saliyawadi Darawaja,
Balasinor-388255 Gujarat India

E-tender Terms and Conditions

આ સાથે ૨૦૧૯ ના વર્ષ માટે કે.એમ.જી. જનરલ હોસ્પિટલ માટે દવાઓ/ સર્જીકલ આઈટમો/ પેથોલોજી વિભાગની આઈટમના ભાવ ઓનલાઈન ટેન્ડરોથી મંગાવવામાં આવે છે. તમારી અનૂકુળતા માટે આ સાથે જરૂરી દવાઓનું લીસ્ટ ઓનલાઈન મૂકવામાં આવેલ છે. જેમાં જ તમારે તમારા ભાવ ભરી મોકલી આપવાના રહેશે.

1. ભાવ ભર્યાબાદ તેની પ્રિન્ટ લઈ ટેન્ડરના દરેક પાના ઉપર પાર્ટીનો સિકકો તથા સહી કરવાની રહેશે. જે છેલ્લામા છેલ્લી ૧૨/૧૨/૨૦૧૮ તારીખ સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં હોસ્પિટલમાં મોકલી આપવાનું રહેશે.
2. જે વખતે યુસર આઈડી લેવામાં આવો ત્યારે ટેન્ડરની ની બાનાની રકમ ચેક દ્વારા અથવા ડ્રાફટ દ્વારા કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ નામે જમા કરાવવાની રહેશે. અન્ય રીતે બાનાની રકમ સ્વીકારવામાં આવશે નહી. ટેન્ડરના બાનાની રકમ રૂા.૧૦૦૦૦/- ભરવાના રહેશે.
3. ટેન્ડરની બાનાની રકમ ગુજરાત રાજયની બહારની પાર્ટીઓએ રાષ્ટ્રીયકૃત બેંકોનો ક્રોસ ડીમાન્ડ ડ્રાફટથી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટનના નામે મોકલવાનો રહેશે.
4. ટેન્ડર સીલ બંધ કવરમાં આપવાનું રહેશે. કવર ઉપર <u>૨૦૧૯ના વર્ષ માટે દવાઓનું ટેન્ડર</u> તેમ લખવાનું રહેશે. ટેન્ડરમાં દર્શાવેલ દવાઓના જ ભાવ આપવાના રહેશે તે સિવાય બીજી કોઈ વધારાની દવાના ભાવ આપવાના નથી. ભાવ ફકત સ્ટાન્ડર્ડ દવાઓના જ આપવાના રહેશે તથા જનરીકનું લીસ્ટ અલગથી મૂકેલ છે. તેમાં અલગ ભાવ ભરવાના રહેશે.
5. ટેન્ડર ફોર્મ ભરીને આ કચેરીને રજીસ્ટર પોસ્ટ એ.ડી થી/રૂબરૂ ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ સમય મર્યાદામાં મોકલી આપવાનું રહેશે. પોસ્ટ ડીલે અંગે આ કચેરીની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી તથા પોસ્ટમાં અથવા રૂબરૂમાં મોડુ આવેલ ટેન્ડર સ્વિકારવામાં આવશે નહી.
6. ટેન્ડરના ભાવ અત્રેની સંસ્થા બેઠાં(ડોર ડીલેવરી) તમામ પ્રકારના ચાર્જ સાથેનો રહેશે. સ્ટ્રીપનો પેકીંગ જથ્થો દર્શાવવાનો રહેશે. ટેક્ષ અલગ રહેશે.
7. <u>**ટેન્ડરના ભાવ માગ્યા મુજબના યુનિટમાં આપવાના રહેશે. દવાઓનો ઓર્ડર જરૂરિયાત પ્રમાણે દર અઠવાડીયે/ પંદર દિવસે/મહિને મોકલવામાં આવશે.**</u>
8. માલનું ઈન્સપેક્ષન સંસ્થા ધ્વારા કર્યા બાદજ માલ સ્વીકારવમાં આવશે. અને ત્યાર પછી ચૂકવણી અંગેની કાર્યવાહી કરવામાં આવશે. કોઈ કારણસર માલ રીઝેકટ કરવામાં આવશે તો સંબધીત પાર્ટીઓએ પોતાના ખર્ચે અને જોખમે પરત લઈ જઈને બદલી આપવાનો રહેશે.
9. ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ કોઈપણ આઈટમનું સેમ્પલ મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.
10. ટેન્ડરમાં આવેલ ભાવ ૩૧/૧૨/૨૦૧૯ સુધી માન્ય ગણવામાં આવશે જરૂર પડે ૩૧/૦૩/૨૦૨૦ સુધી દવા સપ્લાય કરવાની રહેશે.
11. ઓર્ડર આપવામાં આવેલ જથ્થા મુજબનો સમગ્ર જથ્થો એકજ સાથે દિન ૩ માં સંસ્થાને પહોંચતો કરવાનો રહેશે.

12. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય કોઈપણ એક કે બધાજ ટેન્ડર અથવા ટેન્ડરનો ભાગ રદ કરવો, માન્ય રાખવો, ફરીથી બહાર પાડવો તેનો આખરી નિર્ણય આ સંસ્થાના વડાનો હકક અબાધીત રહેશે.
13. સદર ટેન્ડર માટે ન્યાયનું ક્ષેત્ર બાલાસિનોર રહેશે.
14. પાર્ટીએ ભરેલ બાનાની રકમ તેના ઓર્ડર સાથે સિકયુરીટી ડીપોઝીટ તરીકે ગણતરીમાં લેવામાં આવશે જે ૩૧/૧૨/૨૦૧૯ બાદ પરત કરવામાં આવશે. અને જો સમય મર્યાદામાં સ્ટોક પુરો પાડવામાં નિષ્ફળ જશે અથવા દવા પરત મોકલેલ હશે તો તેની ક્રેડીટ નોટ ના નાણાં આ રકમમાંથી કાપી લેવામાં આવશે.
15. ભાવો ટેક્ષ વગરના બાલાસિનોર બેઠાંના આપવાના રહેશે. પેકીંગ ફોર્વર્ડીંગ કે ટ્રાન્સપોટેશનના ચાર્જીસ અલગથી ચુકવવામાં આવશે નહી.
16. બેંક મારફતે અથવા કેશ પેમેન્ટની શરત માન્ય રાખવામાં આવશે નહી. માત્ર સંસ્થાના ધારાધોરણ મુજબ બીલ પાસ કરી પેમેન્ટ કરવામાં આવશે.
17. ટેન્ડર ભરવાની છેલ્લી તાઃ૧૦/૧૨/૨૦૧૮ તથા ટેન્ડરની હાર્ડકોપી સ્વીકારવાની છેલ્લી તારીખ :૧૨/૧૨/૨૦૧૮ સમય ૧૮ઃ00 કલાક સુધી રહેશે.
18. ઉપરોકત શરતો સિવાય પાર્ટીએ ટેન્ડરમાં જણાવેલ કોઈપણ શરતો માન્ય રાખવામાં આવશે નહી.
19. બેસ્ટ, ઈન્ડીયામેક, એઝલાઈક જેવા રીમાર્કવાળા ભાવો માન્ય રાખવામાં આવશે નહી.
20. મેઈક જણાવી ભાવ જણાવવા જેથી ભાવોની સરખામણીમાં અનુકુળતા રહે મેક દર્શાવ્યા વગરના ભાવો રદ ગણવામાં આવશે.
21. બધીજ સર્જીકલ આઈટમના ભાવ સંસ્થા ધ્વારા રૂબરૂ જોઈને મંજુર કરવામાં આવશે. સર્જીકલની તમામ આઇટમોના કંપનીના નામ, એમ.આર.પી. ફરજીયાત લખવાની રહેશે અને તેજ આપવાની રહેશે.
22. દરેક પાર્ટીએ ડ્રગ લાઈસન્સની કોપી ભાવપત્રક સાથે મોકલવાની રહેશે જે પાર્ટીએ ડ્રગ લાઈસન્સની કોપી બીડેલ નહી હોય તેનુ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.
23. ટેન્ડરમાં આવેલ આઇટમ સિલેક્ટ કરવાની પુરેપુરી સત્તા સંસ્થાની રહેશે તેમાં કોઇપણ સપ્લાયરની કોઇપણ જાતની દખલગીરી માન્ય રાખવામાં આવશે નહી.
24. દરેક પાર્ટીએ છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમટેક્ષ રીર્ટનની કોપી આપવાની રહેશે.
25. રૂા. ૧૦૦/ નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર બ્લેક લીસ્ટમાં સમાયેલ નથી તે બાબતનું સોગંદનામું આપવાનું રહેશે.
26. વખતો વખત કંપની તરફથી આપવામાં આવતી કોઈપણ સ્કીમ અમારી હોસ્પિટલને ફરજીયાત આપવાની રહેશે. જે દવાઓમાં સ્કીમ હશે તે દવાઓનો નેટ રેટ ભરવાનો રહેશે. જો કંપનીમાં પુછપરછ કરતાં ગેર વર્તણુક માલુમ પડશે તો તમારૂ ટેન્ડર તાત્કાલીક અસરથી અમાન્ય કરવામાં આવશે.

27. દવાઓમાં કોઈ કંપની કે બ્રાંડના નામ આ હોસ્પિટલના લીસ્ટમાં ભુલથી લખાઈ ગયેલ હોઈ તો તમે તમારી કંપનીના ભાવ તેમા ભરી શકો છો.
28. **તાઃ૨૮-૧૧-૧૮ થી ૦૬-૧૨-૧૮ દરમ્યાન રૂ.૫૦૦૦/ ટેન્ડર ફી તથા ડીપોઝીટનો ચેક/ડ્રાફ્ટ રૂ. ૧૦૦૦૦/- નો આપી યુસર આઈ.ડી. તથા પાસવર્ડ લઈ જવાનો રહેશે. આઇ.ડી., પાસવર્ડ આપવાની છેલ્લી તારીખ ૦૬/૧૨/૨૦૧૮ રહેશે.**
29. યુસર આઈ.ડી. તથા પાસવર્ડ લેવા માટે તમારા ઓરીજીનલ લેટરપેડ પર સીલ તથા સહી સાથે અરજી કરવાની રહેશે તથા જી.એસ.ટી. સર્ટીફીકેટ પણ આપવાનુ રહેશે.
30. કોઇપણ ટેન્ડરરે સ્ટાન્ડર્ડ દવાના ટેન્ડરમાં જનરીક દવાઓના ભાવ ભરી શકશે નહી. જો આમ કરવામાં આવશે તો તેનુ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.
31. જી.એસ.ટી. માં જે પાર્ટીએ રેગ્યુલર સ્કીમ લીધેલ હશે તેઓજ આ ટેન્ડર ભરી સકશે, કોમ્પોઝીશન સ્કીમ લીધેલ હોય તથા જી.એસ.ટી. નંબર ન હોઇ તેઓ ટેન્ડર ભરી સકશે નહી.
32. જો તમોએ જી.એસ.ટી. રીટર્ન રેગ્યુલર નહી ભરેલ હોઇ તો તે રકમ આપના આઉટ સ્ટેન્ડીગ પેમેન્ટમાંથી કાપી લેવામાં આવશે.
33. **ઉપરના આ ૩૨ મુદ્દાઓની પ્રિન્ટ તેના પર તમારા સહી સિક્કા કરી ટેન્ડરમાં મુકવાના રહેશે.**

ઉપરની શરતો મને માન્ય છે.

સામેલ :

દવાઓનુ લીસ્ટ